**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી**

**ક્રમાંકઃ૪**

# સરકારી વિધેયક સંબંધમાં રીત

## વિધેયક દાખલ કરવા બાબત

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંકઃ **૧૧** સન **૨૦૨૪**ના **ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક**ને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષ :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

## પહેલું વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંકઃ **૧૧** સન **૨૦૨૪**ના **ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક**નું પહેલું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંક :....... સન _____ ના વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**(પ્રભારી મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ ત્યાર પછી પોતાનાં વક્તવ્યો કરે છે અને છેવટે પ્રભારી મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

**અધ્યક્ષ :** હવે હું, પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંકઃ........નું પહેલું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે છે.

## બીજું અને કલમવાર વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંકઃ **૧૧** નું બીજું વાંચન કરવામાં આવે.

## બીજા વાંચનના પ્રસ્તાવ પર સુધારા આવ્યા ન હોય તો

**અધ્યક્ષ :** હવે હું, પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંકઃ........નું બીજું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે છે.

**(ત્યારબાદ વિધેયકનું કલમવાર વાંચન કરવામાં આવે છે.)**

## કલમો ઉપર સુધારા આવ્યા ન હોય તો

**(સુધારા આવ્યા ન હોય ત્યારે કલમ-૨ થી છેલ્લી કલમ સુધીની બધી કલમો, અનુસૂચિઓ તેમજ કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા પર, એક સાથે અને એ જ ક્રમમાં નીચે મુજબ મત લેવામાં આવે છે.)**

**અધ્યક્ષ :** પ્રશ્ન એ છે કે **કલમ–** _____, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકના ભાગ તરીકે રહે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુદ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. **કલમ–** _____, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા ફોર્મ્યુલા વિધેયકના ભાગ તરીકે રહે છે.

## ત્રીજું વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૧૧** નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક:**........**નું ત્રીજુ વાંચન કરવામાં આવે.

## ત્રીજા વાંચન પર સુધારા આવ્યા ન હોય તો

**(ત્રીજા વાંચનના પ્રસ્તાવ પર કોઈ સભ્યશ્રીએ વક્તવ્ય કરવું હોય તો તેવું વક્તવ્ય થઈ ગયા પછી અને પ્રભારી મંત્રીશ્રીએ જવાબ આપ્યા પછી પ્રસ્તાવ મત માટે મુકવામાં આવે છે.)**

**અધ્યક્ષ :** હવે હું, પ્રસ્તાવ મત માટે મૂકીશ, પ્રશ્ન એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંક:**........**નું ત્રીજું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**GUJARAT BILL NO. 11 OF 2024.**

# THE GUJARAT PROHIBITION (AMENDMENT) BILL, 2024.

***A BILL***

*further to amend the Gujarat Prohibition Act, 1949.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૧.**

**ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૨૪.**

**ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે-:

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૪ના જુલાઈ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૧૯૪૯ નો મુંબઈનો ૨૫-મો.**

**સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૮નો સુધારો.**

૨. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯માં, કલમ ૯૮માં, પેટા-કલમ (૨)માં, "પણ જપ્ત થયેલો દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહિ " એ શબ્દોને બદલે, "અને જપ્ત થયેલો દારૂનો જથ્થો, ઠરાવવામાં આવે તેટલા જથ્થા કરતાં વધુ હોય, ત્યારે કોર્ટની પરવાનગી સાથે, ઠરાવવામાં આવે તે રીતે, (કોર્ટના) આખરી ચુકાદા પહેલાં, આ રીતે સરકાર દાખલ કરેલા વાહનની હરાજી કરી શકાશે અને આવા કિસ્સામાં, નાયબ પોલીસ અધીક્ષક, આવી હરાજી માટેના સક્ષમ સત્તાધિકારી રહેશે " એ શબ્દો અક્ષર અને કૌંસ મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૯૮ ની પેટા-કલમ (૨) ની વિદ્યમાન જોગવાઈથી, કોઈ કેફી પદાર્થ, ભાંગ-ગાંજા, મહુડાંના ફૂલો વગેરે લઈ જતા પશુઓ, ગાડાં, વહાણો અથવા બીજા વાહનો જેવી વસ્તુઓને સરકાર દાખલ કરવા માટેની અને જપ્ત થયેલા દારૂનો જથ્થો, નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થા કરતા વધુ હોય, ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી, બોન્ડ અથવા જામીન પર તેને મુક્ત કરી શકાશે નહિ તે માટેની જોગવાઈ કરી છે. આ સંદર્ભમાં, આ રીતે સરકાર દાખલ કરેલા વાહનો, માલિકોને પરત કરી શકાતા નથી અને તે કેસના આખરી ચુકાદા સુધી પોલીસ સ્ટેશન અથવા કોર્ટ કંપાઉન્ડમાં વણવપરાયેલા પડી રહે છે અને આ સંજોગોમાં, વાહનોની સ્થિતિ બગડી જાય છે.

આ પરિસ્થિતિને હલ કરવા માટે, રાજ્ય સરકારને, સદરહુ પેટા-કલમ (૨) સુધારવાનું જરૂરી જણાયું છે જેથી કરીને હરાજી મારફતે આવા વાહનોનો નિકાલ કરી શકાય. વિધેયકની કલમ ૨ થી, તે માટેની જોગવાઈ કરી છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૨૪ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેથી, વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**હર્ષ સંઘવી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.**- આ કલમથી સુધારવા ધારેલી, કલમ ૯૮ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, જપ્ત થયેલા દારૂનો જથ્થો, નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થા કરતા વધુ હોય, ત્યારે કોર્ટની પરવાનગી સાથે, (કોર્ટના) આખરી ચુકાદા પહેલા જે રીતે નાયબ પોલીસ અધીક્ષક દ્વારા સરકાર દાખલ કરેલા વાહનોની હરાજી કરી શકાશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, જપ્ત થયેલો દારૂનો જથ્થો વધી જાય તે કિસ્સામાં જે રીતે, વાહન, સરકાર દાખલ કરવામાં આવશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા પણ મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૪.** **હર્ષ સંઘવી.**

## પુરવણી

## ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫ મા) માંથી ઉતારા.

---

રાજ્યસાત થવાને પાત્ર વસ્તુઓ.

૯૮. (૧) XXX XXX XXX

(૨) પેટા-કલમ (૧) અન્વયે રાજ્યસાત થવાને પાત્ર કોઈપણ ચીજ જેમાં મળી આવે તે કોઈપણ વાસણ, દાગીનો અથવા આચ્છાદન અને આવા પાત્ર, દાગીના અથવા આચ્છાદનમાંની બીજી ચીજો, અને એવી કોઈપણ ચીજ લઈ જવામાં વપરાયેલાં પશુ, ગાડાં, વહાણો અથવા બીજા સાધનો પણ તે જ રીતે ન્યાયાલયના આદેશથી રાજ્યસાત થવાને પાત્ર થશે. પણ જપ્ત થયેલા દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહિ .

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧.]

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી,

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧૪મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,
ઈન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

**THE GUJARAT PROHIBITION (AMENDMENT) BILL, 2024.**

**GUJARAT BILL NO. 11 OF 2024.**

***A BILL***

*further to amend the Gujarat Prohibition Act, 1949.*

It is hereby enacted in the Seventy-fifth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Prohibition (Amendment) Act, 2024.

(2) It shall be deemed to have come into force on the 31st July, 2024.

**Amendment of Section 98 of Bom. XXV of 1949.**

**Bom. XXV of 1949.** **2.** In the Gujarat Prohibition Act, 1949, in section 98, in sub-section (2), for the words "but it shall not be released on bond or surety till the final judgment of the Court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules", the words "and the vehicle so confiscated may be auctioned before the final judgment in the manner as may be prescribed, with the permission of the Court where the quantity of the seized liquor exceeds such quantity as may be prescribed; and in such cases the Deputy Superintendent of Police shall be the competent authority for such auction" shall be substituted.

## STATEMENT OF OBJECTS AND REASONS

Existing provision of sub-section (2) of section 98 of the Gujarat Prohibition Act, 1949 provides for the confiscation of things such as animals, carts, vessels or other conveyances carrying any intoxicant, hemp, mhowra flowers, etc. shall not be released on bond or surety till the final judgment of the Court where the quantity of the seized liquor exceeds the quantity as prescribed by rules. In view of this, the vehicles so confiscated cannot be returned to the owners and they remain unused in the police station or in the court compound till the final judgment of the case and in these circumstances, the condition of the vehicles becomes deteriorated.

To overcome this situation, the State Government considers it necessary to amend said sub-section (2) so as to dispose of such vehicles by way of auction. *Clause* 2 of the Bill provides for the same.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, the Gujarat Prohibition (Amendment) Ordinance, 2024 was promulgated to achieve the aforesaid objects. Therefore, the Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

**HARSH SANGHAVI,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves delegation of legislative power in following respects:-

***Clause 1***.- Sub-section (2) of section 98 proposed to be amended by this clause empowers the State Government to prescribe by rules, the manner in which confiscated vehicles may be auctioned by the Deputy Superintendent before the final judgment, with the permission of the Court, where the quantity of the seized liquor exceeds the quantity as prescribed by the rules; it also empowers the State Government to prescribe by rules, the quantity of seized liquor exceeding for which the vehicle shall be confiscated.

The delegation of legislative power as aforesaid is necessary and is of a normal character.

Dated the 14th August, 2024. **HARSH SANGHAVI.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PROHIBITION ACT, 1949.

**(Bom. XXV of 1949)**

**Things liable to confiscation.**

**98.** (1) XXX XXX XXX

(2) Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in, carrying any such article shall like-wise be liable to confiscation by the order of the Court. but it shall not be released on bond or surety till the final judgement of the Court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 11 OF 2024.**

*A BILL*

*further to amend the Gujarat Prohibition Act, 1949.*

**[ SHRI HARSH SANGHAVI,**
**MINISTER OF STATE FOR HOME]**

(As published in the Gujarat Government Gazette of 14th August, 2024)

**Chetan Pandya,**
**Incharge Secretary,**
**Gujarat Legislative Assembly.**

----------

Government Central Press, Gandhinagar